નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ હેઠળના સમાજ કલ્યાણ નિરીક્ષક (વર્ગ-૩) સંવર્ગની કેડર સ્ટ્રેન્થ નિયત કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/EOD/e-file/17/2023/1917/A Section
સચિવાલય, ગાંધીનગર.
તા. *e-sign* મુજબ

<u>વંચાણે લીધા</u>:

૧. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૪/૦૫/૨૦૨૪નો સમાનાંકી ઠરાવ

૨. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૫/૦૩/૨૦૨૫નો સમાનાંકી ઠરાવ

૩. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૭/૦૪/૨૦૨૫નો ઠરાવ ક્રમાંક:SJED/ EOD/e-file/17/2024/2187/A Section

૪. સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૧/૨૦૦૯અને તા.૩૦/૦૧/૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃ એસએનઆર/૧૦૨૦૦૮/૪૮૭૪૩૧/ગ.૫

૫. સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦/૧/૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃ એસએનઆર/૧૦૨૦૦૮/ ૪૮૭૪૩૧/(૧)/ ગ.પ.

<u>આમુખ</u>:

વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૧) પરના ઠરાવથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હેઠળના સમાજ કલ્યાણ નિરીક્ષક (વર્ગ-૩) સંવર્ગની જગ્યાઓનું સંખ્યાબળ (Cadre Strength) ૩૫૪ નિયત કરવામાં આવેલ છે. આ સંવર્ગના ભરતી નિયમો અંતર્ગત રેશિયોમાં ફેરફાર થતા વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૨) પરના ઠરાવથી બઢતીની ૮૯ અને સીધી ભરતીની ૨૬૫ જગ્યાઓ નિયત કરવામાં આવેલ છે. ત્યારબાદ વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૩) પરના ઠરાવથી સને ૨૦૨૫-૨૬ના બજેટમાં ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગર ખાતે સમાજ કલ્યાણ નિરીક્ષકની બે (૦૨) નવી જગ્યાઓ ઉભી કરવામાં આવેલ છે. જે અન્વયે આ સંવર્ગના સંખ્યાબળમાં ફેરફાર કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ</u>:

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હેઠળના સમાજ કલ્યાણ નિરીક્ષક (વર્ગ-૩) સંવર્ગના હયાત સંખ્યાબળ (Cadre Strength) ૩૫૪માં નવી મંજૂર થયેલ ૦૨ જગ્યાઓનો સમાવેશ કરી, સમાજ કલ્યાણ નિરીક્ષક (વર્ગ-૩) સંવર્ગની કેડર સ્ટ્રેંથ આથી રીવાઇઝ્ડ કરી, ૩૫૬ નિયત કરવામાં આવે છે.

આ સંવર્ગના ભરતી નિયમોમાં બઢતી : સીધી ભરતીનો રેશિયો ૧ : ૩ હોઇ, બઢતીની ૮૯ અને સીધી ભરતીની ૨૬૭ જગ્યાઓ ફાળવવામાં આવે છે.

સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૪) અને (૫) ના ઠરાવથી પ્રવરતા નક્કી કરવા તથા પ્રવરતા યાદી પ્રસિદ્ધ કરવા અંગેની સ્વયંસ્પષ્ટ સૂચનાઓ ધ્યાને લઇ આ સંવર્ગની પ્રવરતા ગોઠવવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૨૧/૦૭/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-sd-
(કલ્પના રાણા)
ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**<u>નકલ રવાના:-</u>**

માન. મંત્રીશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૧, સચિવાલય, ગાંધીનગર

માન. રા. ક. મંત્રીશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ - ૨, સચિવાલય, ગાંધીનગર

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં. ૪/૩ ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, (મારફત નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ)

એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ

પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર (મારફત નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ)

સેક્શન અધિકારી, ઝ-૧ શાખા, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

સેક્શન અધિકારી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ સદર ઠરાવ વિભાગની વેબ સાઇટ પર અપલોડ કરવા સારૂં...

શાખા સિલેક્ટ ફાઇલ ૨૦૨૫

Signature valid
Signed by:Kalpna V Rana
Under Secretary
Date: 2025.08.13
16:17:09 +05:30